================================================================

**C.C. No.    1868/2026**

**–:આંક–૧ લગત હુકમ:–**

(૧) સદર કામે **આરોપી ભીલાભાઈ રમણભાઈ ગામીતના**ઓની સામે પુરતો પુરાવો જણાઈ આવતા **ધી ગુજરાત પ્રોહી.એકટની કલમ–૬૬ (૧)(બી) તથા એમ. વી. એકટ કલમ ૧૮૫** મુજબની શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત આરોપી સામે મુકવામાં આવેલ છે. આરોપી અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતા તેમને કેસના કાગળોની નકલો આપવામાં આવેલ અને આરોપીની પ્લી લેવામાં આવતા આરોપીએ ગુનાની કબુલાત કરેલ અને ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે.

(૨) સદર કામના કેસ પેપર્સ ધ્યાનમાં લીધા. આરોપીને ગુનાની કબુલતા સ્વૈચ્છાએ કરે છે તે અંગે પૃચ્છા કરી અને સ્વૈચ્છાએ કરી હોવાનુ જણાવે છે. ત્યારબાદ આરોપીને ગુન્હાની જોગવાઈ તથા સજાની જોગવાઈ કરી છે તેની સમજ કરી. આરોપીને કોર્ટ ધ્વારા મૌખિક પુછતા જણાવેલ છે કે તેનાથી ભુલથી આ ગુનો થયેલ છે. હવે તે ગુનો ફરી નહી કરે તેવુ જણાવે છે. આરોપીની ગુના કબુલાત પુરશીશ અને તે અંગેની પ્લી વંચાણે લીધા તથા **નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરજી હરચંદજી ઠાકોર,૨૦૦૫ (૧),જી.એલ.આર. પાના નંબર ૭૦૯** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લેતા સદર કામે આરોપીએ ગુનાની કબુલાત અંગે જે કારણો દર્શાવેલ છે તે જોતા આરોપી ગરીબ ઈસમ છે અને બાળ બચ્ચાવાળો ઈસમ છે અને તેના શિરે કુટુંબના ભરણ પોષણની જવાબદારી છે. આરોપી ને ગુનાનો પસ્તાવો થતો હોઈ તેમજ કાયદાનો હેતુ ગુનાને ડામવાનો છે,ગુનેગારને ડામવાનો નથી તથા ગુનેગારને સુધરવાની તક આપી સમાજમાં તેને ફરીથી સન્માનપુર્વક જીવન મળે તેવો કાયદાનો હેતુ છે તથા ઉપરોકત ચુકાદા અનુસાર આરોપી ઉપર દયા બતાવી હળવી સજા કરવા માટેના પુરતા ગણી શકાય તેવા કારણો છે તેમ આ કોર્ટનું માનવું છે તેમજ આજરોજ સદર કામે આરોપીની કબુલાત તથા દયા અરજ ગ્રાહ્ય રાખી અને કાયદાની સજા કરવા પાછળ નો સુધારાત્મક હેતુ ધ્યાને રાખી આરોપીને હળવી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોઈ આથી નીચે મુજબ હુકમ કરુ છું.

================================================================

**–:આખરી હુકમ:–**

================================================================

1. આ કામનાં ઉપર જણાવેલા આરોપીને બી.એન.એસ.એસ.કલમ–૨૭૫ અન્વયે **ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી)** મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી **રૂા. ૫૦૦/– (અંકે પાંચસો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો **દિન – ૭ (સાત)** ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે તથા **એમ. વી. એકટ કલમ ૧૮૫** મુજબ **કોર્ટ ઉઠતા સુધીની સજા** કરવાનો હુકમ કરવામાં આવે છે.

તારીખ:૧૧/૦૭/૨૦૨૬
સ્થળ: સોનગઢ.

**(એમ.ડી.પરમાર)**
જજ કોડ નં. જીજે ૦૧૩૦૪
પ્રિન્સીપાલ સીવીલ જજ, સોનગઢ.

================================================================